જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૭/૨૦૧૪ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૦૩/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી ૨૬૩ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઇગ્લીશ દારૂ, ૦૧ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૪,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૦૪/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**શહેર ટ્રાફિક પોલીસે કરેલ કામગીરીની વિગતઃ-** **સમાચાર યાદી નં.૧૯૦૫/૧૪**

તા.૨૨/૭/૧૪ નારોજ શહેર ટ્રાફિક પોલીસે કસુરવાર વાહન ચાલકો વિરૂધ્ધ ૧૧૬૬૩ કેસ કરી માંડવાળ પેટે રૂપિયા ૬,૩૮,૩૨૫/- વસુલ કર્યા છે. આ પૈકી ૬૧ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રોંગ પાર્કિંગમાંથી ૨૩૭ વાહનો ટો કરી રૂપિયા ૧૩૨૭૫/- વસુલ કરવામાં આવ્યા છે. બી.પી.એક્ટ (એન.સી.) મુજબ ૧૯ વાહન ચાલક વિરુધ્ધ, આઈ.પી.સી. ૧૮૮ મુજબ ૩ વાહન ચાલક વિરુધ્ધ, ૨૮૩ મુજબ ૫ આઈ.પી.સી.૨૭૯ મુજબ ૦ વાહન ચાલક વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. વગર હેલ્મેટનાં ૫૩૭૯ કેસ કરી રૂપિયા ૨,૬૮,૯૦૦/- વસુલ કરવામાં આવ્યા છે.

તા.૧/૧/૧૪ થી તા.૨૨/૭/૧૪ સુધીમાં કુલ ૧૮,૩૧,૧૯૭ કેસો કરવામાં આવેલ છે અને રૂપિયા ૧૦,૩૯,૬૭,૫૫૦/- સ્થળ દંડ વસુલ કરવામાં આવેલ છે.

**ખુનઃ-** **સમાચાર યાદી નં.૧૯૦૬/૧૪**

**ઓઢવઃ** રમેશભાઈ મનસુખભાઈ પીરપરા (રહે.ધર્મજીવન સોસાયટી હીરાવાડી રોડ નરોડા) એ ઓઢવ પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે મુક્તિધામ એસ્ટેટમાં આવેલ શેડ નંબર ૧૬/૯ માં આવેલ એમ્બ્રોઅડરીના પોતાના કારખાનામાં કામ કરતા કારીગરો વચ્ચે તા.૨૦/૭/૧૪ નારોજ બોલાચાલી ઝગડો થયો હતો. આ ઝગડાની અદાવત રાખી આજરોજ તા.૨૩/૭/૧૪ રાતના ૨/૦૦ વાગ્યાના સુમારે આરોપી (૧) શીવા ઉર્ફે લડુ દયાશંકર તિવારી (૨) મનીષ ઉર્ફે પપ્પુ યાદવ (૩) સતિષ ઉર્ફે ટકલો શેરબહાદુર અને (૪) અજાણ્યો પુરૂષે એકબીજાની મદદગારી કરી તેજસ હરજીવનભાઈ વાઘેલા (રહે.ઠક્કરનગર લાભાર્થ સોસાયટી) અને રમાકાન્ત રામાભિલાષ પાન્ડે (રહે.કારખાના બહાર) ને કારખાના નજીક એમ્બ્રોડરી મશીનના ટેબલના પાયાથી તેમજ આરસના પથ્થર મારી ગંભીર ઈજાઓ કરી નાસી ગયા હતા. જયાં તેજસ વાઘેલાનુ ઘટના સ્થળ પર મૃત્યુ નિપજયું હતુ. અને રમાકાન્ત પાન્ડે ને સારવાર માટે સીવીલ હોસ્પીટલ લઈ જતા સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજયું છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ આર જનકાત ચલાવે છે.

**લુંટઃ-** **સમાચાર યાદી નં.૧૯૦૭/૧૪**

**વટવાઃ** મોહનભાઈ રામસ્વરૂપ ચૌધરી (ઉ.વ.30) (રહે.કર્ણાવતી ફ્લેટ લાભા ટર્નિંગ પાસે નારોલ) તા.૨૨/૭/૧૪ કલાક ૧/30 વાગ્યાના સુમારે આકૃતિ ટાઉનશીપ પાછળના રસ્તેથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ચાર અજાણ્યા પુરૂષો (ઉ.વ.૨૦ થી 30 આશરાના)એ મોહનભાઈને રોકી ચપ્પુ બતાવી મારી નાખવાની ધમકી આપી મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૨૨,૩૦૦/- લુંટ કરી નાસી ગયા હતા. આ અંગે મોહનભાઈ ચૌધરીએ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એસ ચૌધરી ચલાવે છે.

**નારણપુરાઃ** ઉત્કર્ષ ગુણવંતભાઇ પટેલ (ઉ.વ.૧૮) (રહે,શાંતારામ કોમ્પલેક્ષ ત્રિસા હોસ્પિટલ પાસે નિર્ણયનગર નવાવાડજ નારણપુરા) તા-22/07/2014 ના કલાક 22/30 ઉસ્માનપુરા રીવરફ્રન્ટ પાર્કના કોર્નર મિત્રો સાથે ફરવા ગયા હતા ત્યારે ચાર અજાણ્યા પુરૂષો તેમની નજીક આવી લાકડાના દંડા વડે માર મારી ઉત્કર્ષના મિત્રોને રિવરફ્રંટ ઉભા રાખી ચાર આરોપીઓ માંથી બે જણા ઉત્કર્ષને મિત્ર રાહુલની ગાડીમાં બેસાડી ઉત્કર્ષના ઘરે લઇ જઇ ઉત્કર્ષના મમ્મીને ઉત્કર્ષનુ એક્સીડન્ટ થયાનું બહાનું બતાવી રૂપિયા ૧૦,૦૦૦/- લઇ ઉત્કર્ષને રસ્તામા ઉતારી ત્યાથી નિકળી ગયા હતા. ત્યારબાદ ઉત્કર્ષના મિત્રના માતા પિતા સાથે રિવરફ્રંટ જતા મિત્ર જયનીલનો સેમસંગ ગેલેક્સી કોર મોબાઈલ ફોન કિમત રૂપિયા ૫,૦૦૦/-, તથા મિત્ર રાહુલનો સેમસંગ મોબાઈલ ફોન કિમત રૂપિયા ૨,૦૦૦/- તથા એચ.ટી.સી.કંપનીનો મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧૫,૦૦૦/- બળજબરીથી છીનવી લઇ લુંટ કરી નાસવા જતા ચાર પૈકી આરોપી નયન નાનજીભાઇ પરમાર (રહે,ગોવિંદમુખીની ચાલી જુનાવાડજ)ને પકડી ઉત્કર્ષ પટેલે નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે લુંટની ફરીયાદ નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ શ્રી જી.એમ.ગોહિલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૯૦૮/૧૪**

**ઇસનપુર :** મનોજભાઇ રસિકભાઇ મકવાણા (રહે.મંગલમુર્તી ટેનામેન્ટ, રાજબાગ સોસાયટીની બાજુમાં, ઘોડાસર) એ તા.૨૨/૭/૧૪ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૭/૧૪ બપોરનાં ૨/૧૫ થી ૨/30 વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાનું મંગળસુત્ર બુટ્ટી સાથેનું કિંમત રૂપિયા ૨૦,૦૦૦/-, સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧૬,૦૦૦/-, સોનાની ત્રણ લગડીઓ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/-, પાંચ જોડી સોનાની બુટ્ટી કિંમત રૂપિયા ૧૬,૦૦૦/-, પાંચ જોડી સોનાની કડીઓ કિંમત રૂપિયા ૧૬,૦૦૦/- અને એક જોડી ચાંદિની પાયલ કિંમત રૂપિયા ૮૦૦/- મળી કુલ કિંમત રૂપિયા ૧,૧૮,૮૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એલ.ફનાત ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૧૯૦૯/૧૪**

**નરોડા :** ભરતભાઇ સાયલાભાઇ પટણી (રહે.બાલકૃષ્ણનગર, સૈજપુરબોઘા નરોડા) એ તા.૧૭/૭/૧૪ રાતના ૯/૦૦ વાગે ઘર નજીક પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૧.સી.ઝેડ.૧૯૭૬ કિમત રૂપિયા ૭૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૮/૭/૧૪ સવારનાં ૫/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ભરતભાઇ પટણીએ તા.૨૨/૭/૧૪ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જે.ચૌધરી ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૧૦/૧૪</u>**

**દાણીલીમડાઃ** ઇમરાન રસીદખાન પઠાણ (ઉ.વ.૨૬) (રહે. રસુલ કડીયાની જુની ચાલી સામેના છાપરામાં ચેપીરોગ હોસ્પીસ્પીટલ પાસે બહેરામપુરા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આજરોજ તા.૨૩/૭/૧૪ રાતના ૨/૩૦ વાગ્યાના સુમારે હુન્ડાઇ કાર નંબર.જી.જે ૨૭ કે ૧૯૮૭ ના ચાલક નૌમાન મુકદસએ કાર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી વાઘજીભાઇની ચાલી સામે કાચા છાપરાં સાથે જોરથી ટક્કર મારતા ત્યા સુતેલ ઈમરાન પઠાણના ભાઇ સલીમખાન પઠાણ (ઉ.વ.૪૦) તથા તેમની સાળી રેહાનાબાનું (ઉ.વ.૨૫)ને. ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજયું છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એસ.શેખ ચલાવે છે.

**<u>બીજા માળેથી પડી જતા મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૧૧/૧૪</u>**

**એલીસબ્રીજ :** મીઠાભાઇ ભાઇલાલભાઇ પરમાર (ઉ.વ.૬૦)(રહે.ગુપ્તાનગર સોરાઇનગરનાં છાપરાં, વાસણા) તા.૨૧/૭/૧૪ સાંજના ૬/૩૦ વાગે સુવિધા ફ્લેટનાં બિજા માળે પાઇપનું કામ કરતાં હતા ત્યારે પાઇપ હાથમાંથી છટકી જતાં બિજા માળેથી નીચે પટકાઇ ગયા હતા. સારવાર અર્થે તેમને વા.સા હોસ્પીટલમાં લઇ જતાં ફરજ પરનાં ડૉ.શ્રીએ તેમને ૮/૦૦ વાગે મૃત જાહેર કર્યા હતા. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ. શ્રી ફતેહસિંહ રૂપસિંહ ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૧૨/૧૪</u>**

**અમરાઇવાડી :** જ્યોતીબહેન યોગેશસિંગ રાજપુત (ઉ.વ.૨૧)(રહે.૧૦૫ સોસાયટીની ચાલી, ન્યુ કોટન રોડ, અમરાઇવાડી) એ માનશીક બીમારીથી કંટાળી તા.૨૨/૭/૧૪ બપોરનાં ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ. શ્રી એચ.વી.ચૌધરી ચલાવે છે.

**ગાયકવાડ હવેલીઃ** અફસાનાબાનુ મહેબુબભાઈ પટેલ (ઉ.વ.૩૦)(રહે.મચ્છી પીરની દરગાહ સામે જમાલપુર) એ કોઈ કારણસર તા.૨૦/૭/૧૪ કલાક ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કોઈ દવા પી લીધી હતી. સારવાર માટે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં તા.૨૨/૭/૧૪ કલાક ૧/૫૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ. શ્રી એન કે બરંડા ચલાવે છે.

**વટવાઃ** ભાવેશભાઈ રમેશભાઈ પટેલ (ઉ.વ.૩૫) (રહે.પુનીતનગર સોસાયટી) એ કોઈ કારણસર તા.૨૨/૭/૧૪ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ખોડાભાઈ રામાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.